| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૪/૧૦/૨૦૨૨ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૯૧૩/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની**
**તા.૨૩/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# પાસા હેઠળ અટકાયત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અ'વાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ (૧) કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૨૦૦૯૬/૨૦૨૨ ઇપીકો કલમ ૪૦૬,૪૨૦,૪૬૭,૪૬૮,૪૭૧,૩૭૯,૧૨૦ (બી), ૧૧૪ તથા (૩) નવરંગપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦ ૩૬૨૨૦૨૧૨/૨૦૨૨ ઇપીકો કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ મુજબના છેતરપીંડી સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે. પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૯૨૬/૨૦૨૨ તા.૨૩/૧૦/૨૦૨૨ ના હુકમ આધારે તા.૨૩/૧૦/૨૦૨૨ ના કલાકઃ૨૦/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

## આરોપીનું નામ:-

અંકિત કાંતિલાલ પંચાલ રહે.એ/૩૦૩,ગાયત્રી ગ્રીન સોસા. વિઠ્ઠલ પ્લાઝાની નજીક હંસપુરા રોડ નરોડા અ'વાદ મુળ ગામ કોટડી તા.વડગામ જી.બનાસકાંઠા

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

**પો.ઇન્સ.શ્રી બી.એમ.પટેલ તથા પો.સ.ઇ. એન.પી.ગરાસિયા** તથા અ.હે.કો. પ્રવિણભાઇ રામાભાઇ બ.નં.૯૦૩૦ તથા અ.હે.કો. ધીરજકુમાર મંગળભાઇ બ.નં.૩૩૧૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૧૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૯ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૬૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૧૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યકિતની અટકાયત કરી હતી.

**ચોરીઃ** **સમાચાર યાદી નં.૧૯૧૬/૨૦૨૨**

**ચાંદખેડાઃ** મહેશ સ/ઓ ચીનુભાઇ શાહ (ઉ.વ.૩૭) (રહે. સુવર્ણ એપાર્ટમેન્ટ નિર્ણયનગર રાણીપ) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મોટેરા ગામના દરવાજા સામે બેંક ઓફ બરોડાની બાજુમાં સ્વસ્તિક કોમ્પલેક્ષમાં આવેલ પોતાની દુકાનમાં તા.૨૩/૧૦/૨૦૨૨ કલાક ૨/૦૦ થી ૭/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મહેશ શાહ દુકાનના સ્ટ્રોંગ રૂમમાં સોનાના દાગીના મુકતા હતા દરમ્યાન દુકાનમાં કામ કરતા (૧) સુરેન્દ્રસિંહ દલપતસિંહ ઝાલા (રહે.ચાંદખેડા ગામ) તથા (૨) ચિરાગ (રહે. જનતાનગર ચાંદખેડા) એ ભેગા મળી મહેશ શાહને સ્ટ્રોંગ રૂમમાં પુરી દરવાજો બહારથી બંધ કરી દુકાનમાંથી અલગ-અલગ સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૪૮,૭૨,૦૦૦/-, હોન્ડા એક્ટિવા નંબર જીજે ૦૧ જેવાય ૩૨૬૭ કિમત રૂપિયા ૧૫,૦૦૦/-, લીનોવા કંપનીના કોમ્પ્યુટરનુ સી.પી.યુ. કિમત રૂપિયા ૫,૦૦૦/-, સેમસંગ કંપનીનો ગેલેક્સી M31-S મોબાઇલ ફોન કિમત રૂપિયા ૫,૦૦૦/- અને કેસ કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૫,૦૦,૦૦૦/-, મળી કુલ રૂપિયા ૧,૫૩,૯૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.એસ.વણઝારા ચલાવે છે.

વટવા જીઆઈડીસીઃ જયપ્રકાશભાઈ ગોવિંદભાઈ પટેલ (રહે. સ્મૃતિ દર્શન સોસાયટી પી.ડી.પંડ્યા કોલેજ રોડ વટવા) એ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૦/૨૦૨૨ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે જીઆઈડીસી વટવા ફેજ-૦૪ પ્લોટ નં-૫૪૮ મહાદેવ પાર્ક ખાતે ભગવતી એન્ટરપ્રાઈઝ કંપનીમાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી મહેદ્રસિંહ લક્ષ્મણસિંહ ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૧૭/૨૦૨૨</u>**

**શાહીબાગઃ** ઉર્વેશ સ/ઓ મહેશભાઇ આહીર (ઉ.વ.૨૩) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ મેઘાણીનગર) તા.૨૨/૧૦/૨૦૨૦ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે શાહીબાગ હોળી ચકલા સર્કલ નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે બે પુરૂષોએ ઉર્વેશ આહીર નાઓનુ મોટર સાયકલ ઉભુ રખાવી ઉર્વેશ આહીરના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ઝુટવી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ઉર્વેશ આહીરે શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.ડામોર ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૧૮/૨૦૨૨</u>**

**વાસણાઃ** ગિરીશભાઇ જશવંતલાલ શાહ (ઉ.વ.૭૪) (રહે. આસ્થા ફલેટ સંજીવની હોસ્પીટલ સામે એકતા ટાવર બેરેજ રોડ વાસણા) એ બીમારીથી કંટાળી તા.૨૩/૧૦/૨૦૨૨ બપોરના ૨/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંકની બાલ્કનીમાંથી પડતુ મુકી આત્મહત્યા કરી કતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.આર.રાવળ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી

